**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૬ ડીગ્રી
લઘુતમ : ૨૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૭૭ ટકા

# શહેરનું ખાણી-પીણી બજાર ગંદકીની ગિરફતમાં

## ઘ-૫ સ્થિત ખાણી-પીણી બજારની આસપાસ ગંદકી વચ્ચે ખોરાક વેચાઈ રહ્યો છે





ગાંધીનગર, તા.૬
શહેરમાં વાર-તહેવારે રસ્તા, સરકારી કવાટર્સ, બાગ-બગીચાનું નવીનીકરણ થતું રહે છે. આ સાથે શહેરના ઘ-૫ પાસેના ખાણી પીણી બજારનું પણ અમુક સમય પહેલા જ નવીનીકરણ કરવામાં આવ્યું હતું. જયાં વિવિધ ખાણી-પીણીના સ્ટોલમાં શહેરીજનો મુલાકાત લેતા હોય છે. પરંતુ આ ખાણી-પીણી બજાર કેટલી હદે સ્વચ્છ છે? તે જાણવાની તસ્દી કદાચ તંત્ર દ્વારા લેવાત તો આજે આ હાલત ન થઈ હોત. આમ, સ્વચ્છતા અભિયાન અંતર્ગત શહેર સ્વચ્છ રાખવા માટે વિવિધ કાર્યક્રમો યોજાય છે. પરંતુ જયાંથી શહેરીજનો ખોરાક લઈ રહ્યા છે ત્યાં જ સ્વચ્છતાને ધ્યાનમાં લેવાઈ નથી રહી બીજી બાજુ શહેરમાં ડેન્ગ્યુના કેસ જે રીતે વધી રહ્યા છે તે જોતા લાગે છે કે જો આમને આમ ગંદકી દૂર ન કરાઈ તો રોગચાળો વધશે.

શહેરમાં છેલ્લા બે મહિનાથી ડેન્ગ્યુ એ માઝા મુકી છે. શહેરમાં ડેન્ગ્યુની અસરથી દર્દીઓ મોતને ભેટી રહ્યા છે. પાણીજન્ય મચ્છર તથા ગંદકીમાં બણબણતા મચ્છરના કરડવાથી થતો આ રોગ શહેરીજનોને ભરખી રહ્યો છે.જો શહેરમાં સ્વચ્છતાનું ધ્યાન ન રાખવામાં આવે તો આનું પ્રમાણ વધી પણ શકે છે ત્યારે શહેરના ઘ-૫ સ્થિત ખાણી-પીણી બજારની આસપાસ ગંદકી વચ્ચે ખોરાક વેચાઈ રહ્યો છે.

ખાણી-પીણી બજારમાં ચલાવાતા ફૂડ સ્ટોલનો ખોરાક ગંદકીની વચ્ચે વેચાઈ રહ્યો છે. ખાણી-પીણી બજારની ચારે બાજુ ગંદકી તથા પાણીથી ભરાયેલા ખાબોચિયા દેખાઈ રહ્યા છે. આ ઉપરાંત ભારે દુર્ગંધ ફેલાઈ ગઈ છે. જેના લીધે સામાન્ય માણસને ત્યાં ખાવું તો દુર ઉભું રહેવું મુશ્કેલ લાગી રહ્યું છે. આવતા જતા નાગરિકોએ પણ મોઢે રૂમાલ રાખી કે થોડીકવાર શ્વાસ રોકીને પસાર થવું પડે એટલી દુર્ગંધ તથા ગંદકી વર્તાઈ રહી છે. તંત્ર દ્વારા આ બાબતે પગલાં લેવામાં આવે તેવી શહેરીજનો દ્વારા તીવ્ર માંગ ઉઠવા પામી છે.




જય અંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા આયોજીત ત્રિદશાબ્દી ભકિતવંદના મહોત્સવ અંતર્ગત અશ્વિનભાઈ પાઠકના સુંદરકાંડના પાઠ યોજાયા હતા. જેમાં શહેરના એક હજારથી વધુ ભાવિકોએ દાદાના સંગીતમય સુંદરકાંડનો આનંદ માણ્યો હતો.

# ‘બાઈક જોઈને ચલાવો’ કહેતા જ યુવકને માર માર્યો

## સે-૩૦ ઝુલેલાલ મંદિર પાસેનો બનાવ યુવક ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ

ગાંધીનગર, તા.૬
ગાંધીનગર શહેરના સેકટર-૩૦ ઝુલેલાલ મંદિર પાસે ગતરોજ રાત્રિના સમયે બાઈકની સાઈડ લેવાની સામાન્ય બાબતે યુવકને ઠપકો આપતા ઝઘડાનું સ્વરૂપ લીધું હતું. બાઈકનો કટ મારનાર યુવાને ફરિયાદીને બેઝબોલના ધોકા વડે માર માર્યો હતો અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ વાવોલ શ્રીજી હોમ્સ ઈ-૩૦૨ ખાતે ગૌરાંગ મોરારદાન ગઢવી પોતાના પરિવાર સાથે રહે છે અને જુના સચિવાલય બ્લોક નં. ૧૦ ખાતે કોન્ટ્રાકટ બેઝ ઉપર નોકરી કરે છે. ગતરોજ રાત્રીના સાડા નવ વાગ્યાના અરસામાં ગૌરાંગ ગઢવી તેમના મિત્ર નિતિન ચંદુભાઈ પટેલ જે સે-૩૦ ખાતે રહે છે તેમના ઘરે ગયા હતા અને ત્યાંથી અલગ વાહનો પર ગૌરાંગ અને નિતિનભાઈ બંને પ્રકાશભાઈ મકવાણા સે-૨૪ ખાતે તેમની ખબર અંતર પુછવા માટે ગયા હતા તે સમયે રાત્રીના અગિયાર વાગ્યાના અરસામાં સે-૩૦ ઝુલેલાલ મંદિર પાસે માટી પાછળથી એક ડબલ સવારીમાં બાઈક લઈને બે યુવાનો નીકળ્યા હતા તેઓએ અચાનક કટ મારતા ફરિયાદી ગૌરાંગ ગઢવીએ બાઈક ચાલક યુવાનને ‘જોઈને ચલાવો’ તેમ કહેતા બાઈક આગળ ઉભું રાખીને ‘તું મને ઓળખે છે’ કહી અપશબ્દોનો વરસાદ વરસાવ્યો હતો. અપશબ્દો બોલવાની ના પાડતા આરોપી યુવાને બેઝબોલના ધોકો બરડાના ભાગે, માથાના ભાગે તેમજ શરીરે માર્યો હતો. યુવકના મિત્ર નિતિનભાઈએ વચ્ચે પડી ઝઘડો અટકાવી યુવાનનો મારથી બચાવ્યો હતો. ત્યારબાદ યુવકને ખાનગી કારમાં સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા. આ ઝઘડામાં ગૌરાંગે ગળામાં પહેરેલી સોનાની ચેઈન પણ પડી ગઈ છે જયારે બનાવ અંગે ગૌરાંગ ગઢવીએ સે-૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

**હાઉસફુલ-૪**
૯.૩૦, ૧૨.૪૦, ૩.૫૦, ૪.૨૦, ૭.૦૦, ૧૦.૧૦

**ઉડજા ચમન**
૯.૦૦, ૧૧.૪૦, ૨.૨૦, ૫.૦૦, ૭.૪૦, ૧૦.૨૦

**સાંઢ કી આંખ**
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૨૦

**મેડ ઈન ચાઈના** -૧.૧૦


**વોર-** ૭.૧૦

### આજે ગાંધીનગરમાં

● જય અંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા આયોજીત ત્રિદશાબ્દી ભકિત મહોત્સવ અંતર્ગત આજે સવારે મહાયાગ ૧૦.૩૦ કલાકે, છપ્પનભોગ અન્નકૂટ અર્પણવિધિ, ૧૧ કલાકે ચંડીપાઠ આવર્તન સાથે ચુંદડીવાળા માતાજીની પધરામણી તથા ૫.૪૫ કલાકે સાયં આરતી યોજાશે.

# દિવાળી પછી પણ દરરોજ ૧૪ થી ૧૬ સર્પ પકડાઈ રહ્યા છે

## સામાન્ય રીતે શિયાળાના આગમન સાથે સર્પો શીતનિંદ્રામાં જતા રહેતા હોય છે : અત્યારે વાતાવરણમાં ગરમી હોવાથી હજુ પણ સ્નેક રેસ્કયુના કોલમાં ઘટાડો નોંધાયો નથી





ગાંધીનગર, તા.૬
આ વર્ષે હજુ પણ ચોમાસું પુરુ થતું નથીને શિયાળો આવતો નથી તેવી સ્થિતિનું વાતાવરણ જોવા મળી રહ્યું છે જેના પગલે શહેરમાં સામાન્ય રીતે દર વર્ષે દિવાળી પછી સ્નેક રેસ્કયુ કોલમાં ઘટાડો જોવા મળતો હતો તેમાં હાલ કોઈ ઘટાડો જોવા મળી નથી રહ્યો. આજે પણ પાટનગરમાં દિવસના ૧૪ થી ૧૬ સ્નેક રેસ્કયુના કોલ સ્નેક લવર્સ ગ્રુપને મળી રહ્યા છે. આજે આવા જ એક કોલમાં પાલજ ખાતેથી કોબ્રા રેસ્ક્યુ કરાયો હતો તેમજ ગઈ કાલે ભાજપના કાર્યાલય કમલમ ખાતેથી અત્યંત ઝેરી કહી શકાય તેવો રસેલ વાઈપર એટલે કે ખડચીતરો રેસ્કયુ કરવામાં આવ્યો હતો.

ગાંધીનગરમાં ઘણા વર્ષોથી સર્પ પકડવાની અને તેને બચાવી જંગલમાં છોડી મુકવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા સ્નેક લવર્સ ગૃપના ધર્મેન્દ્ર ત્રિવેદીના જણાવ્યા મુજબ શહેરમાં વાતાવરણ હજુ પણ શિયાળાનું બન્યું નથી અને અત્યારે ‘મહા’ વાવાઝોડા સહિતના વાતાવરણમાં ઉભા થયેલા ડિસ્ટર્બન્સ તેમજ કલાઈમેટ ચેન્જ જેવી અસરો તળે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે જેને કારણે જે સર્પો સામાન્ય રીતે શિયાળાની ૠતુનો પ્રારંભ થતા જ શીતનિંદ્રામાં જતા રહેતા હોય છે તેમને હજુ શિયાળાની શરૂઆત થઈ હોય તેવી પ્રતિતી જ થઈ રહી નથી. વળી, વાદળછાયું વાતાવરણ અને વરસાદી છાંટાના માહોલમાં સર્પો હજુ પણ ચોમાસાનો અનુભવ કરી રહ્યા છે અને તે મુજબ તેમને કુદરતી આહાર પણ મળી રહ્યો છે જેથી સર્પો શીતનિંદ્રામાં જઈ નથી રહ્યા. આજે ગાંધીનગર શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં મળીને સ્નેક લવર્સ ગૃપને દરરોજના ૧૪ થી ૧૬ જેટલાં સ્નેક રેસ્કયુના કોલ મળી રહ્યા છે. સ્નેક લવર્સ ગૃપ સાથે જોડાયેલા વન્યજીવ પ્રેમી અમિત ગોંડે પણ જણાવ્યું હતું કે ‘તાજેતરમાં કુડાસણ, સરગાસણ, પાલજ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાંથી કોબ્રાથી માડીને રસેલ વાઈપર જેવા ઝેરી સર્પો સહિત શહેરમાંથી અનેક બીન ઝેરી સર્પો રેસ્કયુ કરવામાં આવ્યા છે અને હજુ પણ કોલ મળી રહ્યા છે. નાગરિકોએ સાવધાની રાખવા સાથે આ સર્પો પ્રત્યે કરૂણાભાવ કેળવવાની જરૂર છે, સર્પ દેખાય ત્યારે વિચલિત થઈ તેને મારવો કે તેના પર હુમલો કરવાને બદલે સ્નેક કેચરને બલાવી તેને રેસ્કયુ કરી અન્ય સલામત કુદરતી સ્થળે છોડી મુકવો વધુ હિતાવહ છે. આ અંગે જનજાગૃતિ વધે તે અત્યંત જરૂરી છે કેમ કે સર્પોનું પર્યાવરણમાં ખૂબ મહત્વનું સ્થાન અને યોગદાન છે.’

ગાંધીનગર એટલે સર્પનું ઘર કહી શકાય તેવી સ્થિતિ અહીંનું કુદરતી વનરાજીવાળું વાતાવરણ છે. ધર્મેન્દ્ર ત્રિવેદીના જણાવ્યા મુજબ શિયાળામાં મોટા ભાગના સર્પ શીત નિંદ્રામાં ચાલ્યા જાય છે પરંતુ રસેલ વાઈપર એટલે ખડચીતરો અને વુલ્ફ સ્નેક જેને આપણે વરૂદંતી અથવા કોડિયું કહીએ છીએ તે ઠંડીમાં પણ બહાર ફરતા જોવા મળે છે કેમ કે તેઓ ઠંડી સામે લડવામાં વધુ મજબૂત છે. અત્યારે શહેરમાંથી મોટે ભાગે આંધળી ચાકરણ, ધામણ, રૂપસુંદરી, તણસ જેવા મોટાભાગના બીન ઝેરી તેમજ કેટલાક કોબ્રા અને રસેલ વાઈપર જેવા ઝેરી સર્પોના રેસ્કયુ કોલ સૌથી વધુ મળી રહ્યા છે.

## બજરંગદળ-વી.એચ.પી.ના કાર્યકરોએ રાજયપાલની શુભેચ્છા મુલાકાત લીધી



ગુજરાત રાજયના મહામહીમ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીની નવા વર્ષની શુભેચ્છા મુલાકાત વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગદળ અને ક્ષત્રિય ઠાકોર સમાજના આગેવાનો દ્વારા લેવામાં આવી હતી. જેમાં શકિતસિંહ ઝાલા, જીવરાજ ઠાકોર, સુરેશભાઈ ઠાકોર, નટુભાઈ ઠાકોર, રાજુભાઈ પટેલ, ગોપાલજી ઠાકોર, જીતુભાઈ આહીર, વિષ્ણુજી ઠાકોર, નરસિંહ ઠાકોર અને નાથાજી ઠાકોર સહિત ધર્મેશ ઠાકોરનો સમાવેશ થાય છે.

## ગયા વર્ષની સરખામણીમાં ડુંગળીની ત્રણ ગણી કિંમતો

ડુંગળીની કિંમતો હાલમાં આસમાને પહોંચી છે. ડુંગળીની કિંમતમાં ગયા વર્ષની સરખામણીમા આશરે ત્રણ ગણો વધારો નોંધાઈ ચુક્યો છે. નવેમ્બર ૨૦૧૮માં રિટેલ માર્કેટમાં ડુંગળીની કિંમત ૩૦-૩૫ રૂપિયા પ્રતિકિલો હતી. દેશભરના અન્ય ક્ષેત્રોમાં પણ ડુંગળીની કિંમતો ખુબ વધારે દેખાઈ રહી છે. જો કે આવનાર દિવસોમાં ડુંગળીની કિંમતોમાં નરમી આવી શકે છે. કારણ કે, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને કર્ણાટકમાં નવી પાકની આવક શરૂ થશે. જો કે, કમોસમી વરસાદના પરિણામ સ્વરૂપે આ ક્ષેત્રોમાંથી ડુંગળી ગ્રાહકો સુધી પહોંચાડવામાં તકલીફ પડી રહી છે.

# નૂતન વર્ષે વાવોઝોડું બન્યું ‘મહા’ ટોક ઓફ ધ ટાઉન!!

## સરકારી કચેરીઓ, દુકાનો, પાનના ગલ્લે અને ચાની કિટલીઓથી માંડીને દિવાળીમાં મળવા આવનારા મહેમાનોની પણ માત્ર ‘મહા’ વાત

ગાંધીનગર, તા.૬
શું લાગે છે બોસ, આ ‘મહા’ વાવાઝોડાનું? ત્રાટકશે કે ગઈ વખતની જેમ સુરસુરિયું જ?? .... હા, એવું જ લાગે છે, એનું જોર તો નબળું પડી ગયું જ છે? ૧૮૦ કિમીની ઝડપ પરથી ખાલી ૮૦ કિમી પર આવી ગયું છે... છેલ્લા રિપોર્ટ તો એવું કહે છે કે દિશા ફંટાઈ ગઈ છે... ગુજરાતની ધરતી સાથે ટકકર લેવાની વાવાઝોડાની પણ તાકાત નથી... ના બોસ, આ તો આવવાનું નક્કી છે તેવું ટીવીવાળા કહે છે... બસ, આવા જ સંવાદો છેલ્લાં બે દિવસથી શહેરના ચૌરે-ચૌટે સાંભળવા મળી રહ્યા છે, ‘મહા’ વાવોઝાડું ગાંધીનગરમાં ‘મહા ટૉક ઓફ ધ ટાઉન’ બની જવા પામ્યું છે.

એક સમય હતા જયારે કોઈ પણ ઘટના અખબારો અને રેડિયોના માધ્યમથી નાગરિકોને જાણવા મળતી હતી, તે પછી ટીવી ચેનલોનો અને ઈન્ટરનેટનો યુગ આવ્યો અને હવે તો સ્માર્ટ ફોન સાથે સોશ્યલ મિડીયાના આગમન પછી તો ગણતરીની મિનિટોમાં સાચા ખોટા કોઈ પણ સમાચાર દેશભર નહી, વિશ્વભરમાં વ્યાપક બની જાય છે. માહિતીના આ ઝડપી યુગમાં આવનારી કુદરતી આપત્તિઓ અંગે પણ નાગરિકોને રજેરજની માહિતી અગાઉથી મળતી થઈ જવા લાગી છે તે સારી બાબત છે પરંતુ ઘણીવાર તેમાં અફવાઓ ઉમેરાઈને ખોટો ભયનો માહોલ પણ ઉભો કરી શકે છે. છેલ્લાં ચાર પાંચ દિવસથી ગુજરાત પર તોળાઈ રહેલા ‘મહા’ વાવાઝોડા અંગે દેશભરના મિડીયા જગતમાં ચર્ચાઓ ચાલી રહી છે અને સોશિયલ મિડીયા પર તો ‘મહા’ વાવાઝોડાના આગમનના ‘ખોટા’ એટલે કે ‘ફેક’ વિડિયોઝ પણ વહેતા થઈ જવા પામ્યા છે. અધિકૃત સુત્રોના અહેવાલોને આધારે ‘મહા’ વાવાઝોડાની તીવ્રતા ઘટી છે પરંતુ તેના ત્રાટકવાનો ભય યથાવત છે. આ સંજોગોમાં ગાંધીનગરમાં દિવાળીની રજાઓ પછી શરૂ થયેલા માહોલમાં સ્વાભાવિક રીતે જ ‘મહા’ વાવાઝોડું એ એકમેક સાથે ચર્ચાનો એકમાત્ર ‘મહા’ વિષય બની જવા પામ્યું છે. પાટનગરની સરકારી કચેરીઓ, સચિવાલય, ખાનગી કચેરીઓ, દુકાનો, શૉ-રૂમ કે પાનના ગલ્લે અને ચાની કિટલીઓ પર પણ ‘મહા’ વાવાઝોડું સૌથી વધુ ચર્ચાઈ રહ્યું છે અને તે અંગેના સમાચારોની નાગરિકો પોતપોતાની રીતે છણાવટ કરી રહ્યા છે. નૂતન વર્ષે એકબીજાના ઘરે શુભેચ્છા પાઠવવા ગયેલા પરિવારો પણ ચા-નાસ્તો કરતા કરતા કે મિઠાઈ આરોગતા આરોગતા ‘મહા’ વાવાઝોડા અંગે ચર્ચા કરવામાં મશગુલ થઈ જઈ રહ્યા છે તો સવારે મોર્નિંગ વોકર્સ પણ પાર્કમાં આ મુદ્દે રસપ્રદ ચર્ચાઓ કરતા જોવામાં આવી રહ્યા છે. એકંદરે ‘મહા’ વાવાઝોડું શહેરમાં આજકાલ ‘મહા’ ટૉક ઓફ ધ ટાઉન બની રહેવા પામ્યું છે. સોશ્યલ મિડીયા પર પણ ‘મહા’ વાવાઝોડાને લગતા સંદેશા સૌથી વધુ વાઈરલ થઈ રહ્યા છે.